**અમદાવાદ (ગ્રામ્ય ) નાં ત્રીજા એડી. સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં,અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં–13308/2026
આંક :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી : બાબુભાઇ અમરાભાઇ ચૌહાણ

**ગુનો: ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ.**

(૧) સદરહુ કામના આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાનાં કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૩૧ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપેલ હોવાની ખાત્રી કરી, તેઓ સામે સદર ગુનાનું તહોમતનામુ ફરમાવી તે અનુસંધાને પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઇએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો કોઇપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાપુર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસીસમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઇ અંગે આરોપીને માહીતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઇચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે. અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષ રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

સદર કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૬ અન્વયે ગુજરાત **પ્રોહી. એકટની કલમ–૬૫ (એ) (એ)** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૫ (એ) (એ) મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને **રુ.૧૦૦/–પુરા (અંકે રૂપિયા સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૪ મી માર્ચ,૨૦૨૬ નાં રોજ જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૦૩/૨૦૨૬

અમદાવાદ (ગ્રામ્ય)

(જી.બી.સિયાગ)
ત્રીજા એડી. સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા
કોડ નં–જીજે ૦૧૬૬૮